**નવી બાબત: વર્ષ ૨૦૨૫-૨૬**

જિલ્લા પુરવઠા અધિકારી, વડોદરા શહેરની નવી કચેરી માટે વર્ગ-૧ થી વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ,

**ઠરાવ ક્રમાંક:** FCSCAD/BJT/e-file/5/2024/1399/A

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૯/૦૩/૨૦૨૫

**વંચાણમાં લીધા:-**

નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરનો તા.૨૪/૦૯/૨૦૨૪ નો પત્રક્રમાંક:મકમ/નવી બાબત/૨૦૨૫-૨૬/૧૩૭૦/૨૦૨૪.

**આમુખ:**

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ તેમજ જાહેર વિતરણ વ્યવસ્થા સંબંધિત યોજનાઓના સૂચારૂ અમલીકરણ તેમજ તે સંબંધિત સેવાઓનો લાભ વડોદરા શહેરના નાગરિકો સારી રીતે મળી શકે તે હેતુથી વડોદરા શહેર ખાતે જિલ્લા પુરવઠા અધિકારી, વડોદરા શહેરની નવી કચેરી માટે વર્ગ-૧ થી વર્ગ-૩ સંવર્ગની નવી જગ્યાઓનું મહેકમ મંજુર કરવા આવર્તક ખર્ચ રૂ.૦.૪૨ કરોડની નવી બાબતને વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં જોગવાઇ થયેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, નીચેના કોષ્ટક-અમાં દર્શાવ્યા મુજબ જિલ્લા પુરવઠા અધિકારી, વડોદરા શહેરની નવી કચેરી માટે (૧) સંયુક્ત નિયામક, (૨) નાયબ નિયામક/જિલ્લા પુરવઠા અધિકારી, (૩) સપ્લાય ઈન્સ્પેક્ટર અને (૪) જુનિયર કલાર્કની એમ કુલ-૦૬ જગ્યાઓ માટે રૂ.૦.૪૨ કરોડની નવી બાબતને વહીવટી મંજુરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

**કોષ્ટક-અ**

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | નવી જગ્યાની સંખ્યા | કુલ ખર્ચ કરોડમાં | પગાર ધોરણ (પે મેટ્રીક્સ લેવલ) |
|---|---|---|---|---|---|
| ૧ | સંયુક્ત નિયામક | ૧ | ૧ | ૦.૧૪ | પે લેવલ-૧૨ (રૂ.૭૮૮૦૦-૨૦૯૨૦૦) |
| ૨ | નાયબ નિયામક/જિલ્લા પુરવઠા અધિકારી | ૧ | ૧ | ૦.૧૨ | પે લેવલ-૧૦ (રૂ.૫૬૧૦૦-૧૭૭૫૦૦) |
| ૩ | સપ્લાય ઈન્સ્પેક્ટર | ૩ | ૨ | ૦.૧૦ | પે લેવલ-૬ (રૂ.૩૫૪૦૦-૧૧૨૪૦૦) |
| ૪ | જુનિયર કલાર્ક | ૩ | ૨ | ૦.૦૬ | પે લેવલ-૨ (રૂ.૧૯૯૦૦-૬૩૨૦૦) |
| | | **કુલ** | **૬** | **૦.૪૨** | |

**શરતો:**

**નવી જગ્યા ઊભી કરવા અંગેની શરતો/ભરતી અંગેની સામાન્ય શરતો**

- આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
- સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
- આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
- આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
- કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
- રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

**જગ્યાઓની મુદત અને સેવાઓ અંગે**

- આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
- સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.

**પગાર અને નવી વર્ધીત પેન્શન યોજના**

- જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.
- વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
- સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

**નાણાકિય ઔચિત્ય**

- પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિંયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
- આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
- આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
- આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
- નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
- સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચે મુજબના અંદાજપત્રના સદર હેઠળ ઉધારવાનો અને ચાલુ વર્ષ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર | ૨૩ |
| મુખ્ય સદર | ૨૪૦૮(મહેસૂલ) |
| પેટા મુખ્ય સદર | ૦૧ ખોરાક |
| ગૌણ સદર | ૦૦૧ નિર્દેશ અને વહીવટ |
| પેટા સદર | ૦૨ પી.ડી.એસ. - ૨૧ વાજબી ભાવની દુકાનોની યોજના |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૬/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એ. ગામીત)
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ
ગુજરાત સરકાર

**નકલ રવાના:**

- માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(રાજયકક્ષા)ના અંગત સચિવશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર.**(તરફ આ અંગે આગળની કાર્યવાહી હાથ ધરવા)**
- જિલ્લા કલેકટરશ્રી, વડોદરા.**(તરફ આ અંગે આગળની કાર્યવાહી હાથ ધરવા)**
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, વડોદરા. **(તરફ આ અંગે આગળની કાર્યવાહી હાથ ધરવા)**
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, વડોદરા.
- નાણાં સલાહકારશ્રી(અ.ના.પુ.), સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(બજેટ, ક અને ક-૧ શાખા), અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ.